ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૮ ટકા

# ઉનાળાના આગમન સાથે શેરડીનો રસ અને બરફગોળાનો પ્રારંભ



ગાંધીનગર, તા.૧૬

શહેરમાં ઉનાળાનું આગમન થઈ રહ્યું છે અને તે સાથે જ શહેરના માર્ગો પર શેરડીને રસના સંચા તથા બરફગોળાની લારીઓ પણ ફરતી જોવા મળી રહી છે. ઉનાળાની ગરમીને લડત આપવા માટે શેરડીનો રસ અને બરફગોળા એ શહેરીજનોની પહેલી પસંદ છે.

શેરડીના રસને આયુર્વેદમાં ખુબ જ આરોગ્યવર્ધક અને ગુણકારી ગણાવાયો છે, તેમાં કેલ્શિયમ, પોટેશિયમ, આયર્ન, મેગ્નેશિયમ અને ફોસ્ફરસ જેવા જરુરી પોષક તત્ત્વો સાથે તે ત્વચાને નિખારવાથી માંડીને ડાયાબીટીસ, મોટાપો, હૃદયરોગ, પાચનક્રિયા અને કેન્સર વગેરેમાં હિતકારક ગણાય છે. શેરડીના રસથી હાડકા મજબૂત બને છે અને તે વજન ઘટાડવામાં ઉપયોગ હોવા સાથે ઉધરસ ખાંસી મટાડવા ગુણકારી અને મનને શીતળતા પ્રદાન કરનાર ગણાય છે. મધુર શેરડીના આ ગુણોને કારણે ઉનાળામાં શેરડીનો રસ બાળકોથી માંડીને યુવાનો, વડીલો, મહિલાઓ તમામને પસંદ આવે છે અને શેરડીના સંચાઓ કે કોલાઓ પર લાઈનો લાગે છે. ઉનાળાના આગમન સાથે જ શહેરમાં શેરડીનો રસ વેચતા લાકડાના સંચાવાળા શહેરના માર્ગો પર જોવા મળી રહ્યા છે. આ સાથે દર વર્ષે શેરડીના રસનો વેપાર કરતા કોલાવાળા પણ શરુ થવા લાગ્યા છે. જેમ જેમ શહેરમાં ગરમી વધતી જશે તેમ તેમ શેરડીનો રસ પીવાવાળાની ભીડ વધતી જશે. જો કે શેરડીનો રસ ઠંડો કરવા માટે શુધ્ધ પાણીનો બરફ વપરાય તથા સંચા કે મશીનો પર ચોખ્ખાઈ જળવાય તે અત્યંત જરુરી છે. અસ્વચ્છ શેરડીનો રસ ઝાડા ઉલ્ટીથી માંડીને અન્ય બિમારીઓના ભોગ પણ બનાવી શકે છે.

શેરડીના રસ ઉપરાંત ઉનાળામાં શહેરીજનોની બીજી પસંદગી બરફના ગોળા છે. જેમાં વિવિધ ફલેવર્સના બરફ ગોળાથી માંડીને ડીશ ગોળાની વેરાયટી પણ ઈન ડિમાન્ડ હોય છે. બરફ ગોળામાં અંદાજે ૨૦થી વધુ ફલેવર્સ શહેરમાં ઉપલબ્ધ બને છે અને ડીશગોળામાં ડ્રાયફ્રુટથી માંડીને ચીઝ વગેરેનો પણ ઉપયોગ થાય છે. શહેરમાં બરફ ગોળાની લારીઓ જોવા મળી રહી છે. ખાસ કરીને ઘ-૪ સર્કલે સ્વર્ણિમ પાર્ક ખાતે દરરોજ રાત્રે બરફગોળાની લારીઓનું બજાર ભરાવાનો પ્રારંભ થઈ ચુકયો છે.

## કાશીરામની ૮૫મી જન્મજયંતિની મિશન સુરક્ષા પરિષદ દ્વારા ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

ડૉ. બાબાસાહેબ આંબેડકરના અનુયાયી કાશીરામની ૮૫મી જન્મજયંતિ મિશન સુરક્ષા પરિષદ દ્વારા સે-૧૨ સ્થિત ડૉ. આંબેડકર હોલ ખાતે ઉજવવામાં આવી હતી.

કાશીરામની ૮૫મી જન્મજયંતિ નિમિત્તે મિશન સુરક્ષા પરિષદ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં દેશના વીર સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી મૌન પાળવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય અધ્યક્ષ ગંગારામ આંબેડકર, સુશીલકુમાર, સુનીલકુમાર ગૌતમ, મિશન સુરક્ષા પરિષદના હોદ્દેદાર-અધ્યક્ષ-ઉપાધ્યક્ષ, મહાસચિવ, કર્મચારી ભાઈઓ-બહેનો રાષ્ટ્રીય ઉપસચિવ કાંતાબેન ગડીયલ, કિરીટરાજ સોલંકી, સી.એ. રાજપાલ, ગોપાલભાઈ જાદવ, કુમારી મધુ સોની, કરસનભાઈ ચૌહાણ અને મોટી સંખ્યામાં એસ.સી., એસ.ટી., ઓબીસી અને માયનોરીટી સમાજ વર્ગ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રદેશ અધ્યક્ષ પ્રવિણભાઈ શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સદ્ભાવના ગ્રુપ દ્વારા અનોખો કાર્યક્રમ યોજાયો

### સે-૨૮ સ્થિત જીઆઈડીસીના ઉદ્યોગકારો અનોખા કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર, તા.૧૬

સેકટર-૨૮ સ્થિત જીઆઈડીસીના ઉદ્યોગકારો દ્વારા તાજેતરમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની સંસ્થાઓ જેવી કે આમ્રપાલી વૃધ્ધાશ્રમ, મહુડી-પેથાપુર રોડ, બહેરા-મુંગા શાળા, દહેગામ, રાહેલબા વૃધ્ધાશ્રમ, મગોડી, ભિક્ષુક ગૃહ - ડભોડા (ટીફીન મોકલેલ), મંદ બુદ્ધિ બાળકો - પ્રાંતિયા, મંદ બુદ્ધિ બાળકો - સરગાસણ, અંધજન મંડળ, સે. ૧૬, ઓબ્ઝર્વેશન બાળકો, સે. ૧૩, સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સે. ૧૯, શિવમ એજ્યુકેશન, છોકરીઓ, શિવમ એજ્યુકેશન, છોકરાઓ, બહેરા મુંગા, સે. ૨૮, સેકન્ડ ઈનીંગ હાઉસ, ઘાટલોડીયા, કૈલાશધામ વૃધ્ધાશ્રમ સહિત અનેક સંસ્થાઓને આમંત્રિત કરવામાં આવેલ અને સૌને ભોજન પીરસવામાં આવેલ. આશરે ૧૦૦૦થી વધારે લોકોએ ભોજન-પ્રસાદનો લાભ લીધો હતો. વિવિધ સંસ્થાઓના સંચાલકોને શાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના વિવિધ લોકોએ સ્ટેજ પ્રોગ્રામ પણ કર્યો હતો. તમામ સંસ્થાના તમામ લોકોને સ્મૃતિભેટ પણ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સદ્ભાવના ગ્રુપ એક વિશિષ્ટ વિચારધારા સાથે ઉદ્ભવ પામેલ કાર્ય કરતો સમૂહ છે. જેમાં ઉદ્યોગપતિ દ્વારા પ્રતિ વર્ષ આવો વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવે છે. કાર્યક્રમને સફળ બનાવવા તમામ સંસ્થાઓ અને ઉદ્યોગપતિઓ તેમના સ્ટાફ સહિત સૌએ ભારે જહેમત ઉઠાવી હતી.

## કોબા દેના બેંક પાસે સ્કુટીની ડેકીમાંથી રૂપિયા ૧.૪૯ લાખની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૬

કોબા દેના બેંક પાસે પાર્ક કરેલ સ્કુટીની ડેકીમાંથી રૂ.૧.૪૯ લાખની ચોરી થવા પામી છે. સ્કુટીની ડેકી તો લોક જ હતી, પરંતુ અંદરથી રૂપીયા ગાયબ હતા. કોઈ જાણભેદુ માસ્ટર કી અથવા ડુપ્લીકેટ ચાવીથી રૂપીયા લઈ રફુચક્કર થઈ ગયો હોવાની શકયતાઓ સેવાઈ રહી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ફોસીટી પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કોબા ખાતે રહેતો દિલિપકુમાર લાલજીભાઈ ઠાકોર ઉવ.-૨૬ ભાયજી પુરા ખાતે શ્રી રંગ હાઈટ્સમાં આવેલી સોહમ એન્ટરપ્રાઈઝ કંપનીમાં છેલ્લા દોઢ વર્ષથી ફરજ બજાવી રહ્યો છે. દિલિપ ઓફિસ તેમજ બેંક સહિતના કામકાજ તે સંભાળતો હતો.ત્યારે શુક્રવારે બપોરના સુમારે દિલિપ સોહન એન્ટર પ્રાઈઝના માલિક ઘનશ્યામભાઈ બેંક એકાઉન્ટમાંથી ચાંદખેડા ખાતેથી ૧.૪૯ લાખ ઉપાડીને કોબા પહોચ્યો હતો. ઘરે ભોજન બાદ દિલિપ કોબાની દેનાબેંક ખાતે ઘનશ્યામભાઈની પત્નીની પાસબુક લેવા માટે પહોંચ્યા હતા. બેંક પાસે સ્કુટી પાર્ક કરીને દિલિપ બેંકમાં ગયો હતો અને લગભગ અડધા કલાક બાદ પરત ફર્યો હતો, ત્યારે ડેકીમાંથી રૂપીયા ગાયબ હતા. ઉલ્લેખનીય છે કે દિલિપ જયારે બેંકમાંથી કામ પતાવીને પરત આવ્યો ત્યારે સ્કુટીની ડેકીમાંથી કપડુ બહાર દેખાયું હતું.જેથી શંકા જતા તેણે ડેકીનું લોક ખોલી અંદર જોયું તો રૂપીયા ન હોતા. જેથી દિલિપે તાત્કાલીક માલિકને જાણ કર્યા બાદ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ચિલોડા ખાતે સિનિયર સીટીઝન કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા.૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત રામજી મંદિર હોલ ખાતે ૬૦ વર્ષથી વધુ વય વરિષ્ઠ નાગરિકોએ રૂબરૂમાં કાર્ડ પ્રાપ્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં ગામના અગ્રણી અને સિનિયર સિટીઝન



ધરાવતા વરિષ્ઠ નાગરિકો હોવાનું પ્રમાણપત્ર મેળવવા માટે ચિલોડા સિનિયર સીટીન કલબના સહયોગથી એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ૧૬૮ નાગરિકોએ કેમ્પનો લાભ લીધો હતો. ત્યારબાદ પ્રમાણપત્રો તૈયાર થતાં કાર્ડ વિતરણનો સામુહિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કલબના સંયોજક નટુભાઈ પટેલ, અગ્રણી શામળભાઈ પટેલ તથા અગ્રણી મહિલા કમળાબેન પટેલના હસ્તે દરેક નાગરિકોને કાર્ડ વિતરણ કરાયું હતું. આ સાથે તા. ૧૭મી માર્ચ રવિવારે સિનિયર સીટીઝન નાગરિકો દ્વારા કુડાસણ સીટી પ્લસ ખાતે ગુજરાતી ફિલ્મ ચાલો જીવી લઈએ નિહાળવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## અતિથિ ગૃહના રૂમની ફાળવણી ૪૮ કલાકથી વધુ સમય માટે એક વ્યક્તિને કરી શકાશે નહીં

### ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારીને સરકારી કે જાહેર સાહસોના અતિથિ ગૃહનાં રૂમ ફાળવેલ ન હોય તો જ ઝેડ કક્ષાની સુરક્ષા ધરાવતા રાજકીય પદાધિકારીઓને રૂમ મળશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની શાંતિમય માહોલમાં યોજાય અને નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.લાંગાએ સરકારી રહેણાંક, વિશ્રામ ગૃહ, ડાક બંગલા વગેરેના વપરાશ માટે સ્પષ્ટીકરણ કરતું જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામામાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું છે કે, સરકારી રહેણાંક, વિશ્રામ ગૃહ, ડાક બંગલા વગેરે પરના વપરાશ પર સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકાર ભોગવશે નહી. આવા રહેણાંકના ઉપયોગ તમામ પક્ષના સભ્યો કે ઉમેદવારો પણ કરી શકશે. ચૂંટણી પ્રચારમાં આવેલાં જે મહાનુભાવોને વિશ્રામગૃહ-અતિથિગૃહ વગેરેમાં રહેવાં માટે રૂમ ફાળવવામાં આવી હોય તથા તેમને ફાળવેલ વાહનને જ વિશ્રામ ગૃહ/અતિથિ ગૃહનાં કમ્પાઉન્ડમાં રાખી શકાશે. રૂમની ફાળવણી ૪૮ કલાકથી વધુ સમય માટે એક વ્યક્તિને કરી શકાશે નહીં. તેમજ કોઈપણ મહાનુભાવો મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામ ગૃહ/અતિથિ ગૃહનાં કમ્પાઉન્ડમાં રોકાઈ શકશે નહી.

વધુમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું છે કે, ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અથવા નિરીક્ષકોને જો સરકારી કે જાહેરસાહસોના વિશ્રામ ગૃહ/અતિથી ગૃહનાં રૂમ ફાળવેલ ન હોય તો જ રાજકીય પદાધિકારીઓ કે જે ઝેડ કક્ષાની સુરક્ષા કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા ધરાવતાં હોય તેમને જ ફાળવી શકાશે. તથા આ રાજકીય પદાધિકારીઓ ફાળવેલ મિલકતમાં રાજકીય પ્રવૃત્તિ હાથ ન ધરી શકે એમ પણ જાહેરનામાં જણાવવામાં આવ્યું છે.

## આજે જીવકલ્યાણ સંસ્થાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૬

આજે જીવકલ્યાણ સંસ્થાની માર્ચ મહિનાની બેઠક સાંજે ૪.૩૦ કલાકે સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. સંસ્થાના મંત્રી બી.ડી. શર્મા દ્વારા સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ફાર્મસી ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાની તકો અંગે કડી કેમ્પસમાં સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત કે.બી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ખાતે એક દિવસીય સેમીનાર 'ફાર્મસી પછી ઉદ્યોગ સાહસિકતાના માર્ગો' વિષય પર યોજાયો હતો. સેમિનારમાં ૯૦થી વધુ રજીસ્ટ્રેશન થયા હતા. જેમાં ઈડરના મોન્ટેજ ફાર્માસ્યુટીકલના સી.ઈ.ઓ. ડૉ. શ્રેણિક શાહ, કે.બી. ઈન્સ્ટિટ્યુટના પ્રિન્સીપાલ ડૉ. શ્રીકલ્પ દેશપાંડે, ટ્રોઈકા ફાર્માસ્યુટીકલના ડાયરેકટર ડૉ. પદમીન બુચ, ઈનરવીનના સીઈઓ ડૉ. દેવીના ભારદ્વાજ, કડી સર્વ વિદ્યાલયના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કૃતિ પટેલ ખાસ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા દરેકને ઈનોવેશન એન્ડ રીસર્ચ, સ્ટાર્ટઅપ, ગર્વમેન્ટ પોલિસી, ફાર્મા ઈકોસિસ્ટમ, ક્રિએટીવીટી ઈન બીઝનેસ જેવા વિષયો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## કોલવડામાં બે યુવકોને સાંકળથી ઝાડ સાથે બાંધી ધોકા માર્યા

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર પાસે આવેલા પેથાપુર ખાતે ગેરેજમાં કામ કરતા યુવક અને તેના મિત્રને કોલવડા ગામે ઝાડ સાથે સાંકળ બાંધીને માર મારવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બનાવ અંગે કોલવડાના બે અને સે-૨૪ ના એક યુવક મળી કુલ -૩ સામે પેથાપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર નવાડેલા ખાતે રહેતા અજય ગણેશજી સોલંકી ઉ.વ.૧૯ છેલ્લા ત્રણ માસથી પેથાપુરના રાધીકા કોમ્પ્લેક્ષ ખાતે આવેલી ગેરેજમાં નોકરી કરે છે. ગુરુવારના બપોરના સુમારે અજયના મિત્ર અભિષેક લક્ષ્મણ પાંડોર રહે.સે-૨૪ નો ફોન આવ્યો હતો. જેથી તે કોલવડામાં આવેલી સિદ્ધેશ્વર હોટલ ખાતે ગયો હતો. જયાં કોલવડા દરબારની ભાગોળ ખાતે રહેતા જયદિપસિંહ ઉર્ફે બાદશાહ વાઘેલા, યુવરાજસિંહ ચાવડા, અને સેકટર-૨૪ માં રહેતો શકીલ ઈદરીશભાઈ મુલતાની હાજર હતા. ત્રણેય યુવાનોએ અજય અને અભિષેક બંન્ને સાંકળથી ઝાડ સાથે બાંધીને લાકડા વડે અને ગડદાપાટુનો મારમાર્યો હતો. આ સમયે જયદિપ કહ્યું હતુ કે મારી ફીયાટ ફ્રુન્ટો ગાડી તારા ગેરેજ સામે પડી હતી તે કેમ વેચી મારી, તુ મને પૈસા આપી દે, મારથી ગભરાઈ ગયેલા અજયે ઘરે જતો રહ્યો હતો અનેબીજા દિવસે એટલે કે શુક્રવારના રોજ શરીરે દુખાવો થતા ગાંધીનગર સિવિલ પહોંચ્યો હતો.જયાં સારવાર બાદ તેણે ત્રણેય શખ્સો સામે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## સ્ટાર્ટઅપ કોન્કલેવમાં વિદ્યાર્થીઓના ૫૫થી વધુ ઈનોવેટીવ પ્રોજેક્ટની પ્રસ્તુતિ



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે 'એસએસઆઈપી કોન્કલેવ ઓન ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કોલેજને રૂ. ૧.૨૦ કરોડનું સ્ટાર્ટઅપ ફંડ ફાળવવામાં આવ્યું છે. આ અંતર્ગત કોલેજમાં આઈટી, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનિકસ અને કોમ્યુનિકેશન, પાવર ઈલેકટ્રોનિકસ, મિકેનિકલ, સિવિલ, કેમિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન તથા કન્ટ્રોલ એન્જીનીયરીંગના ૫૫થી વધુ ઈનોવેટીવ સ્ટાર્ટઅપ્સનું વિવિધ ઉદ્યોગો મોનીટરીંગ તથા સમીક્ષા કરી શકે તેવુ આયોજન કરાયું હતું.

એસએસઆઈપી કોન્કલેવમાં રાજ્યના ટેકનિકલ શિક્ષણના કમિશ્નર અવંતિકાસિંહ, ભારતીય પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એકેડેમિક ડીન ડૉ. સુબ્રતો મુખરજી, એન્ટરપ્રિન્યોરશીપ્સ ડેવલપમેન્ટ સેન્ટરના હેડ ડૉ. રામનાથ પ્રસાદ તથા ઈસરોના વૈજ્ઞાનિક નિલેશ દેસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજ્યના ૧૮ જેટલા ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓએ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

## વૈષ્ણોદેવી સર્કલ પાસે કાર પલટી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ પાસે ગત્ રાત્રીના સુમારે પુરપાટ ઝડપે પસાર થતી વર્ના કારના ચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતાકાર સર્કલની ગ્રીલમાં ઘુસીને પલટી મારી ગઈ હતી. જો કે આ બનાવમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર પાસે આવેલા મુળ વાવોલ ગામનો અને ન્યું સરગાસણ વિસ્તારના દેવનંદન સમિતમાં રહેતા ૨૩ વર્ષિય યુવક સુકેતું કમલેશકુમાર ભટ્ટ રાત્રે ૧૨ વાગે ડાલજથી સરખેજ તરફ જઈ રહ્યો હતો. ત્યારે અચાનક તેને જોકું આવી જતા તેને સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જેને પગલે કાર નં. જીજે.૧૮ બીજી-૦૧૪૯ નંબરની વરના કાર સાઈડમાં આવેલી ટ્રાફિક પોલીસ ચોકીને ટકકર મારીને રોડ ક્રોસ કરીને સર્કલ પર આવેલી લોખંડની ગ્રીલ તોડીને પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કાર ચાલક યુવકનો આબાદ બચાવ થયો હતો. જયારે પોલીસે અકસ્માત અને પબ્લીક પ્રોપર્ટીને નુકશાન પહોંચાડવા બદલ યુવક સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મુકિતધામ ખાતે બિનવારસી મૃતદેહની અંતિમ ક્રિયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીગરના સેકટર-૩૦માં મુકિતધામ ખાતે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનને પ્રાપ્ત બિનવારસી માનવ મૃતદહને અંતિમક્રિયા માટે લવાયો હતો. આ મૃતદેહની અંતિમક્રિયા માટે મુકિતધામના સેવકો પ્રકાશભાઈ, વિજયભાઈ, નટુજી અને અરવિંદજી દ્વારા જહેમત ઉઠાવી સંપન્ન કરવામાં આવી હતી.

## વૈષ્ણવ સમાજ દ્વારા વચનામૃત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા યુવા વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગોસ્વામી ૧૦૮ વ્રજરાજજી મહોદયશ્રીના વચનામૃતનો કાર્યક્રમ તા. ૨૦ માર્ચના રોજ સે-૧૨ સ્થિત સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજવાડી, વિશ્વકર્મા મંદિર સામે બપોરે ૪.૩૦ કલાકે યોજાશે. સંસ્થા દ્વારા સર્વે વૈષ્ણવોને વચનામૃતનો લાભ લેવા જણાવાયું છે.

## ગરમીનો પારો વધતા પક્ષી પરબોનું વિતરણ કરવા પ્રકૃતિપ્રેમીઓ સક્રિય

### સોશ્યલ મિડિયા પર પણ નાગરિકોને ધાબા-અગાશી પર કુંડા મુકવાની હૃદયસ્પર્શી અપીલોનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં ઉનાળાની ઋતુ ધીમા પગલે પ્રવેશ કરી રહી છે ત્યારે કયાંક કયાંક વસાહતોમાં પાણીના પોકાર પણ શરુ થવા લાગ્યા છે. આ સાથે હરિયાળા પાટનગરના પ્રકૃતિ પ્રેમીઓમાં અબોલપક્ષીઓ આ સમગ્ર ઉનાળા દરમિયાન પીવાનું પાણી મેળવી શકશે કે કેમ તે અંગે ચિંતાતુર બન્યા છે અને જેને અનુલક્ષીને માટીના કુંડાની પક્ષી પરબોના સેવાકીય ધોરણે વિતરણના આયોજન હાથ ધરવાની પ્રક્રિયા શરુ થઈ ચુકી છે. વળી શહેરમાં સોશ્યલ મિડિયા જેવા સશકત માધ્યમનો ઉપયોગ કરીને શહેરીજનોને પોતાના ધાબા, અગાશી કે છજા પર પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવા વિનંતી કરતા સંદેશા મોકલવા લાગ્યા છે.

ગાંધીનગર સંવેદનશીલ પ્રકૃતિ પ્રેમીઓની નોંધપાત્ર સંખ્યા ધરાવતું શહેર છે અને અહીંની વનરાજીમાં અંદાજે ૩૦૦થી વધુ પ્રકારની વિવિધ પક્ષીની પ્રજાતિઓ જોવા મળે છે. માનવી હોય કે પક્ષી દરેકને જીવન ટકાવવા હવા, પાણી અને ખોરાકની જરુર પડે છે. જેમાં પાણી ખુબ અગત્યનું તત્ત્વ છે. પાણી વિના પક્ષીઓ અકાળે ટળવળીને કમોતને ભેટે છે. જેમાં ખાસ કરીને ચકલી, કાબર, મેના, પોપટ, દરજીડો, દેવ ચકલી જેવા નાના કદના પક્ષીઓ માટે તો કફોડી પરિસ્થિતિ સર્જાય છે. પક્ષીને ચણ નાંખવું અને તેમના માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવી તે ભારતીય સંસ્કૃતિમાં મોટું પુણ્યકાર્ય ગણાય છે અને તેથી તો સદગત જીવાત્મા પાછળ યોજવામાં આવતા બેસણામાં સાંત્વના આપવા આવતા દરેકને પક્ષીચણ આપવાનો રિવાજ જોવા મળે છે. ઉનાળાના સમયમાં જયાં માનવીને પીવાના પાણીની તંગી સર્જાતી હોય છે ત્યારે આ અબોલ પક્ષીઓની હાલત અંગે તો પુછવું જ શું? ગરમીના કારણે ખાબોચિયા કે ખુલ્લામાં ભરાઈ રહેતા પાણીથી માંડીને નદી નાળા સુધ્ધાં સુકાઈ જાય છે. આ સંજોગોમાં જીવદયા પ્રેમી નાગરિકો દ્વારા પક્ષીઓ માટે માટીના કુંડાની પક્ષી પરબની વ્યવસ્થા કરવામાં આવે છે તે એકમાત્ર વિકલ્પ રહી જાય છે. શહેરમાં ઉનાળાના પ્રારંભથી જ આ પ્રકારની પક્ષી પરબોની વ્યવસ્થા ઉભી થાય તે માટે પ્રકૃતિ પ્રેમી સંસ્થાઓ તથા પક્ષી પ્રેમીઓ દ્વારા નાગરિકોને વિના મૂલ્યે પક્ષી પરબોના વિતરણના આયોજન હાથ ધરાઈ રહ્યા છે અને તે માટેના વિવિધ સાઈઝના માટીના કુંડાની હોલસેલમાં ખરીદી કરવામાં આવી રહી છે. બીજી તરફ સોશ્યલ મિડિયા દ્વારા નાગરિકોને પોતાના ઘર આંગણે કે દુકાન ઓફિસ સંકુલ, શૈક્ષણિક સંકુલ વગેરે ખાતે ખુલ્લામાં, ધાબા પર, અગાસી કે છજા પર કુંડા મુકી નિયમિત પાણીની વ્યવસ્થા કરવા હૃદયસ્પર્શી અપીલો કરતા સંદેશા સતત ફરતા કરવામાં આવી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ શાંતાબેન કાલુરામ, ઉ.વ. ૫૧
- સ્વ. પંડયા મહેન્દ્રભાઈ ચુનીલાલ, ઉ.વ. ૭૦
- સ્વ. સુખુ દુભહી રવિદાસ, ઉ.વ. ૫૪